## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ આપની સૂચના મુજબ રીપોર્ટ તૈયાર કરી દીધા છે... હવે તપાસ માટે જઈશું...?

# પંચાયતના સ્વભંડોળના વિકાસ કામો શરૂ કરવા મંજૂરી આપવા ડીડીઓને ધારાસભ્યોની રજુઆત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સ્વભંડોળમાંથી વિકાસના કામો જે મંજૂર કરવામાં આવ્યા છે તેના પર મુકવામાં આવેલ પ્રતિબંધ દૂર કરવાની માંગ સાથે આજે કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનને મળી ઉગ્ર રજુઆત કરી હતી.

૧૮-૫ ના રોજ આ અંગે પરિપત્ર કરી કામો બંધ કરવા જણાવાયુ હતુ. એક તરફ સરકાર વિકાસના કામો શરૂ કરવા જણાવી રહી છે ત્યારે આ પ્રતિબંધ જિલ્લાકક્ષાએથી તાત્કાલિક દૂર કરવો જોઈએ તેવી તેમણે માંગ કરી હતી.

આ ધારાસભ્યો સાથે જિલ્લા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખ પણ જોડાયા હતા. આ અંગે રજુઆત કરતાં એવી દલીલ પણ કરવામાં આવી હતી કે સ્વભંડોળ એ ચૂંટાયેલા સભ્યોનો અધિકાર છે અને તેના પર નિયંત્રણ યોગ્ય નથી.

આ સભ્યોની રજુઆત પછી સુશ્રી દુહાને જણાવ્યુ હતુ કે તેમના આગમન પહેલાં આ નિર્ણય લેવાયો હતો કયા સંજોગોમાં નિર્ણય લેવાયો છે સરકારની સૂચનાઓ તેમજ અન્ય બાબતોનો અભ્યાસ કરી ઝડપથી તેઓ આ અંગે નિર્ણય કરશે તેવી ખાત્રી આપી હતી.

ખાસ કરીને પેયજળની સમસ્યા ઉભી થાય નહિ અને ખેત ઉત્પાદન-સહકાર સમિતિએ મંજૂર કરેલ કામોને ઝડપથી બહાલી આપવામાં આવે તેવી રજુઆતનો પણ સુશ્રી દુહાને સ્વીકાર કર્યો હતો.

જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૦મીએ મળવાની છે તે પહેલાં ધારાસભ્યોની આ રજુઆતોને લઈ જિલ્લાના રાજકીય વર્તુળોમાં ઉત્તેજના જોવા મળતી હતી.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે જ આ ધારાસભ્યો મળવા માગતા હતા પરંતુ જિલ્લા વિકાસ અધિકારીની વ્યસતાને પગલે આ મુલાકાત આજે થઈ હતી. ગઈકાલ સાંજથી જ આ મુલાકાતને લઈ વાતાવરણાં ઉત્તેજનાઓ જોવા મળતી હતી.

## ખૂણેખાંચરેથી

- રાજયના મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમે આજે કોવિડ-૧૯ અને આરોગ્યના પ્રશ્નો અંગે વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી હતી.
- વિધાનસભાની ખાલી પડેલી બેઠકોના જિલ્લા કલેકટરો સાથે આજે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણાએ વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- ગાંધીનગર શહેરના ૫૦થી વધુ શિક્ષકોને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવાનો નિર્ણય તાજેતરમાં મળેલ ખાતાકીય પસંદગી સમિતિમાં લેવાયો હતો.
- ગાંધીનગર શહેર નજીક આવેલ રાયસણ ગામની સીમના પાદરે ગુડાના આવાસોમાં મોટા ભાગે ભાડુઆતો રહે છે અને ત્યાં ગંદકીના થર એટલા જામ્યા છે કે હવે તો ગામમાં રોગચાળાનો ભય ઉભો થયો છે. ગામના આગેવાનો પણ તમામ સત્તા તંત્ર સમક્ષ રજુઆતો કરી થાકયા પણ કોઈ ઉકેલ ન આવતાં હવે આંદોલનનું સૌ વિચારી રહ્યા છે.
- જિલ્લાના ઘણા બધા અધિકારીઓના સી.આર. રિપોર્ટ પહોંચ્યા ન હોવાથી મહેસુલ વિભાગે ખાનગી પત્ર લખી આ માટે તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

# હોમ કવોરન્ટાઈન વ્યકિત ઘરે ન હોય તેવા ગાંધીનગરમાં ૧૧ નાગરિકો સામે પોલીસની કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૦

હોમ કવોરન્ટાઈન વ્યકિત ઘરે ના હોય તેની ઉપર પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં પોલીસ તપાસ કરવા ગઈ હોય અને વ્યકિત ઘરે ન મળી હોય તેવા કિસ્સામાં ૧૧ સામે કેસ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે. જે વ્યકિત હોમ કવોરન્ટાઈનનો ભંગ કરતા જણાશે તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરાશે. કોરોના સંક્રમણના કેસો ઘટે તે માટે પોલીસ તંત્ર દ્વારા દરરોજ હોમ કવોરન્ટાઈન વ્યકિતની તપાસ કરવામાં આવશે.

રાજયના પાટનગરમાં કોરોનાના કેસનો આંકડો રોજ વધી રહ્યો છે. કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો ૯૦૦ ને પાર કરી ગયો છે. જયારે ગુજરાતમાં કોરોનાના કેસ ૩૯ હજારથી વધુ છે. રાજયના વિવિધ શહેરોમાં કોરોનાના કેસ ઘટવાને બદલે ચિંતાજનક રીતે વધી રહ્યા છે. ત્યારે કોરોનાના કેસનું સંક્રમણ ઓછુ થાય તે માટે રાજયના ડીજીપીના માર્ગદર્શન તેમજ જિલ્લા પોલીસ વડાની સુચનાથી ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ મથક વિસ્તારના હોમ કવોરન્ટાઈન વ્યકિતની તપાસ કરવાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે આજે પ્રથમ દિવસે જ હોમ કવોરન્ટાઈન હોવા છતા ઘરે ન હોય તેવા ૧૧ વ્યકિતઓ સામે પોલીસો કાયદેસરની કાર્યવાહી કરી છે. જેમાં જિલ્લામાં ડભોડા ગામ-૧, લીમ્બડીયા ગામ-૧, સેકટર-૨૪-૧, જીઈબી કોલોની-૧, સેકટર-૨૧-૧, સાંતેજ-૧, કલોલ-૧, માણસા-૪ નાગરીકોનો સમાવેશ થાય છે. જયારે આગામી દિવસોમાં પણ આ કામગીરી શરુ રહેશે. પોલીસ મથક વિસ્તારના હોમ કવોરન્ટાઈન નાગરીકોના ઘરે પોલીસ દિવસ દરમિયાન ગમે તે સમયે જઈને તપાસ કરશે. જો હોમ કવોરન્ટાઈન વ્યકિત ઘરે નહી મળે તો તેની સામે ગુનો નોંધવામાં આવશે.

## સે-૨૪ સ્થિત દશામા મંદિર ખાતે દશામા વ્રત નિમિત્તેના માતાજીના ગરબાનો કાર્યક્રમ બંધ

ગાંધીનગર, તા.૧૦

દશામાં યુવક મંડળ સે-૨૪ દ્વારા સર્વે નગરજનોને જણાવાયું છે કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ વર્ષે દશામા વ્રત નિમિત્તે માતાજીના ગરબાનો પ્રોગ્રામ બંધ રાખવામાં આવ્યો છે અને યુવક મંડળ દ્વારા સર્વેને વિનંતી કરવામાં આવી છે કે નગરજનો સરકારના નિયમ મુજબ સાવચેતી રાખી નિયમોનું પાલન કરી માતાજીના દર્શન કરવા માટે આવી શકશે.



"ઘેરાયેલા મેહ વરસ્યાં નહીં"... જૂની અને જાણીતી કહેવતમાં સુધારો કરી આ નવી કહેવત ગાંધીનગરના આકાશ માટે જ બનાવી છે. આખો દિવસ આકરી ગરમી અને તડકો રહ્યાં બાદ સાંજે પાંચ-સાડા પાંચની આસપાસ પશ્ચિમ દિશામાં નજર કરતાં આવો નજારો જોવા મળ્યો હતો. ઘનઘોર ઘેરાયેલા વાદળો એવો અણસાર આપી રહ્યા હતા કે ગાંધીનગર શહેરમાં થોડીક જ વારમાં જોરદાર વરસા ખાબકશે અને આખુ શહેર પાણી પાણી થઈ જશે. એકદમ કાળુ ડિબાંગ બનેલુ આકાશ જોઈ વસાહતીઓએ ઘરની વાટ પકડી હતી. સૌ કોઈ ઉતાવળે ઘરે પહોંચી ગયા હતા પરંતુ ઘટાટોપ ઘેરાયેલા મેહ વરસ્યાં જ નહી. શહેરમાં ક્યાંક ક્યાંક છાંટા જરૂર પડ્યા પરંતુ અપેક્ષા મુજબનો વરસાદ તો ક્યાંય પડ્યો જ નહી. પુનઃ એક વખત વરસાદ હાથતાળી આપીને છટકી ગયો...



### શ્વાનનું મૃત્યુ થતા ફાયર ઓફિસરે અંતિમ વિધી કરી

ગાંધીનગર ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા મહેશ મોડના ઘરે છેલ્લા એક દાયકાથી પરિવારના સભ્યની જેમ રહેતા જીની (શ્વાન)નું અચાનક ટુંકી માદગી બાદ મૃત્યું થતા પરિવારના સભ્યો રડતા નજરે પડ્યા હતા. ૧ માસની હતી ત્યારે જીનીને લાવવામાં આવી હતી, ત્યારે ૧૦ વર્ષના સમયમાં જીની પરિવારમાં સૌની લાડકી બની ગઈ હતી. મનુષ્યની જેમ અંતિમ વિધી કરવામાં આવે છે તેવી જ રીતે જીનીની અંતિમવિધી કરીને વિદાય આપવામાં આવી હતી. આ સમયે પરિવારના સભ્યો અને પાડોશીઓ હાજર રહ્યા હતા.

## જીપીએસસીના જાહેર કરાયેલા પરિણામોમાં છેડછાડ કરી નાયબ કલેક્ટરની નોકરી મેળવવાનો પ્રયત્ન કરનાર યુવક સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૦

જીપીએસસી દ્વારા જાહેર કરાયેલા પરિણામના મેરીટમાં છેડછાડ કરીને નાયબ કલેક્ટરની નોકરી મેળવાનો પ્રયાસ કરનાર યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જીપીએસસી દ્વારા જુલાઈ-૨૦૧૯માં ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કીસેવા વર્ગ-૧ અને ૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેને પગલે કચ્છ અંજારના ભાવિક જે. અડીયેચાએ જીપીએસસી ખાતે અરજી કરી હતી. જેમાં તેણે રજૂઆત કરી હતી કે, ૪ જુલાઈ ૨૦૧૯ની પરિણામાં તેનું નામ હતું જેમાં સુધારો કીને ૫ જુલાઈએ બીજાનું નામ ઉમેરી દેવાયું છે. જેથી જીપીએસસી દ્વારા તેને બોલાવતા યુવકે પરિણામ જાહેર થયું હોય તેની નકલ રજૂ કરી હતી. જેમાં મેરીટ ક્રમાંક-૧ ૩માં પોતાનું નામ અને જન્મ તારીખ બતાવ્યા હતા.

જેથી કચેરી દ્વારા ભાવિકના બેઠક ક્રમાંકના આધારે તપાસ હાથધરાતા તેણે પ્રાથમિક પરિક્ષા જ આપી ન હોવાનું સામે આવ્યું હતું. આ છતાં કચેરી દ્વારા યુવકને પોતાનો દાવો સાચો સાબિત કરવા માટે કહેવાયું હતું. જોકે પોતાની વાત સાબિત ન કરી શકતાં જીપીએસસીએ તેના આગામી તમામ પરીક્ષાઓ માટે કાયમીધોરણે ગેરલાયક ઠેરવવાનો નિર્ણય લીધો હતો. જે બાદ આયોગ દ્વારા તેની સામે પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લીધો હતો. જેને પગલે જીપીએસસીના નાયબ સેક્શન અધિકારી ગૌરવ જગમાલભાઈ ચાવડાએ આ અંગે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે યુવક સામે ખોટા દસ્તાવેજો બનાવવા અંગે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગરથી ૨૨ કિલોમીટર દુર પલિયડમાં કેવી રીતે ધામધુમથી પાટોત્સવ ઉજવાયો ?

### ટોળાથી સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઊડ્યા : મહોત્સવમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા : હજારોની હાજરીથી પોલીસ દોડતી થઈ હતી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના પાટનગરમાં જ સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડ્યા છે. ગાંધીનગરના પલીયડમા ધાર્મિક કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડાવવામાં આવ્યા છે. અને સમગ્ર કાર્યક્રમ યોજાયા બાદ તંત્ર જાગ્યું હતું. પલિયડ ગામે યોજાયેલા પાટોત્સવ મહોત્સવમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. હજારો લોકોની હાજરીથી ગાંધીનગર પોલીસ દોડતી થઈ હતી. સમગ્ર ઘટના બાદ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. તેમજ તમામ લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

કોવિડ-૧૯ની મહામારી સર્વત્ર ફેલાયેલી હોવાથી ધાર્મિક તથા અનેક કાર્યક્રમો પર રોક લગાવવામાં આવી છે. ત્યારે સરકારી નીતિ નિયમોને નેવે મૂકીને ગાંધીનગરના કલોલ તાલુકાના પલિયડ ગામે જનમેદની ઉમટી પડી હતી. ગુજરાતભરમાથી આવેલા લોકો પાટોત્સવમાં જોડાયા હતા. એટલું જ નહિ, હાથી અને ડીજે સાથે વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી. યજ્ઞ અને મહાપ્રસાદમાં હજારો લોકો જોડાયા હતા. કોઈ સોશિયલ ડિસ્ટન્સિંગ નહિ, કોઈ માસ્ક નહિ.. ગુજરાતના અલગ અલગ વિસ્તારમાંથી આવેલા લોકો એક જ ગામમા પાટોત્સવ માટે ભેગા થયા હતા. માટા પર નાની માટલીઓ લઈને અનેક બાળાઓ પણ પાટોત્સવમાં જોડાઈ હતી. કોઈના ચહેરા પર માસ્ક બાંધેલા ન હતા. કાર્યક્રમ માટે હાથી પણ મંગાવવામાં આવ્યો હતો.

હજારોની જનમેદની ઉમટ્યા બાદ તંત્ર જાગ્યું હતું. આ ઘટનાની ડીવાયએસપી અને પ્રાંત અધિકારીને તપાસ સોંપાઈ છે. જિલ્લા કલેક્ટરે તપાસના આદેશ આપ્યા છે. ત્યારે સવાલ એ છે કે, પોલીસ દ્વારા આવા કાર્યક્રમને મંજુરી કેવી રીતે અપાઈ. આટલી મોટી સંખ્યામાં લોકો એકઠા થયા અને પોલીસને ગંધ સુદ્ધા ન આવી. ત્યારે ઘોડા છૂટ્યા બાદ પોલીસ તબેલાને તાળા મારવા નીકળી તેવો ઘાટ સર્જાયો છે.

## ચંદ્રાલા પાસેથી સ્વીફટ કારમાંથી ૮૩ બોટલ દારૂ ઝડપી પાડ્યો

ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસના વાહન ચેકીંગ દરમિયાન ગતરોજ હિંમતનગર તરફથી આવી રહેલી સ્વીફટ કારને રોકી હતી. મળતી વિગત મુજબ પોલીસે કારમાં અંદર તપાસ કરતા વિદેશી દારુની ૮૩ બોટલ મળી આવી હતી. પોલીસે સ્વીફટ કારમાં બેઠેલા યુવાનોને પુછતા તેમણે પોતાનું નામ જેવિયર્સ યુસુફ ડામોર (રહે.જેસંગપુરા, ગામ વેજપુર સાબરકાંઠા),દિગ્વિજય બાબુભાઈ ડામોર (રહે કંડોલ-પાલ), જયપાલ કમલેશ ડામોર (રહે. કંડોલ-પાલ)હોવાનું સામે આવ્યું હતું. જયારે પોલીસે જી.જે.૧૭. એ. એચ.-૩૦૩૦ કિં.૧.૫૦ લાખ, રૂ.૩૨,૩૬૫ નો ૮૩ બોટલ દારુ, મોબાઈલ સહિત પોલીસે કુલ રૂ. ૧.૮૮.૩૬૫ નો મુદ્દામાલ કબ્જે કરી ચિલોડા પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં ચિલોડા પોલીસે આગમન હોટલ પાસે વાહન ચેકીંગ દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલી સ્વીફટ ડીઝાયર ગાડી નં. જી.જે.૦૯.બી.ઈ-૦૭૯૮ ને રોકી હતી. ગાડીમાં તપાસ કરતા પોલીસને વિદેશી દારુની ૨૦ બોટલ મળી આવી હતી. પોલીસે કારમાં સવાર યુવાનોને પુછતા તેમણે રોનીન દિલિપકુમાર ડામોર (રહે.એફ-૫૦૨ અચલ ડ્રીમ હાઉસ, આઈઓસી રોડ ચાંદખેડા અમદાવાદ, મુળ રહે. મહોતપુરા સાબરકાંઠા), રોની દિલિપકુમાર ડામોર (રહે ચિત્રકુટ સોસાયટી મહાવીરનગર હિંમતનગર, મુળ રહે. મહોતપુરા સાબરકાંઠા) હોવાનુ સામે આવ્યું હતું.

## સુરતથી અમદાવાદ આવતા ૯ લોકોને કોરોના પોઝિટિવ

રાજ્યમાં કોરોનાના વ્યાપક કેસોનો ફેલાવો થઈ રહ્યો છે. તેમાં સુરતમાં વધી રહેલ કોરોનાના કેસોને લીધે લોકો પોતાના વતન ફરી રહ્યા છે. જેને લીધે સુરતથી અમદાવાદ પરત ફરી રહેલ લોકોનું રેપિડ ટેસ્ટીંગ ટોલનાકા પર કરવામાં આવે છે. આરોગ્ય ટીમ સાથે પોલીસની ટીમ પણ ટોલનાકા પર અમદાવાદમાં પ્રવેશ કરતાં લોકોની પુછપરછ કરવામાં આવે છે અને જો કોઈપણ વ્યક્તિ સુરતથી અમદાવાદ આવી હોય તે તમામ લોકોનું ચેકિંગ કરી રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. સવારથી બપોરે ૧૨ સુધીમાં ૯૨ લોકોના ટેસ્ટ કરવામાં આવતા ૯ લોકોને પોઝિટિવ આવતા તેમને હોસ્પિટલમાં કે હોમ આઈસોલેશનમાં મોકલવામાં આવ્યા છે. અમદાવાદમાં નિયંત્રણમાં આવેલ સ્થિતિ હવે વકરે નહીં તે ઉદેશથી આરોગ્યના ટીમ દ્વારા શહેરમાં પ્રવેશતા વાહનોમાં શંકાસ્પદ લાગતા વ્યક્તિઓનું ટેસ્ટીંગનું કામ આજે હાથ ધરાયુ હતું.

## ગાંધીનગર જિલ્લા તલાટી મંડળના હોદેદારોની નિમણુંક કરાઈ

ગાંધીનગર જિલ્લા તલાટી કમ મંત્રી મંડળની કારોબારીની બેઠક શુક્રવારના રોજ ગાંધીનગર તાલુકા પંચાયત ખાતે યોજાઈ હતી. પ્રમુખ તરીકે ગાંધીનગરના રાજુભાઈ. જે. ચૌધરી અને મહામંત્રી તરીકે માણસાના ચિરાગભાઈ ચૌધરીની વરણી કરવામાં આવી હતી.




જયારે મંડળમાં ઉપપ્રમુખ તરીકે કલોલના નિલેશ બ્રહ્મભટ્ટ, સહમંત્રી તરીકે દહેગામના ચેતનભાઈ.સી.પંચાલ. ખજાનચી તરીકે માણસાના સચિન પંડ્યા, આંતરીક ઓડીટર તરીકે કલોલના આર.આર.પટેલ, સંગઠન મંત્રી તરીકે ગાંધીનગરના રાજુભાઈ કે. પટેલની નિમણુંક કરવામાં આવી છે.

રાજયના પ્રતિનિધિ તરીકે ગાંધીનગરના ભરતભાઈ પટેલ, કલાલના આશિષભાઈ દેસાઈ, માણસાના મેહુલભાઈ જણસારી તેમજ દહેગામના અભિસિંહ ઝાલાની વરણી કરાઈ છે.

જયારે મિડિયા કન્વીનર તરીકે ગાંધીનગરના ગૌતમભાઈ બ્રહ્મભટ્ટની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે. મંડળના કારોબારી સભ્ય તરીકે ગાંધીનગરના ચેતનસિંહ રાજપૂત, માણસાના પ્રકાશ.પી.દેસાઈ, દહેગામના સુનિલ.એસ.પ્રજાપતિ, જીજ્ઞેશ ચોકસી, અને કલોલના જયેશભાઈ ચૌધરીની વરણી કરાઈ છે. સલાહકાર તરીકે બળદેવભાઈ રબારી અને મહેન્દ્રસિંહ બિહોલાની નિમણુંક કરાઈ છે. જયારે મહિલા પ્રતિનિધી તરીકે ગાંધીનગરના નિતિષાબેન સુથાર અને માણસાના દિપીકાબેન ડી.પારેખનો સમાવેશ થાય છે.

# સિમ્સ હોસ્પિટલ - કોવિડ-૧૯ની કટોકટીની મધ્યમાં હૃદય ધબકે છે - આશાની એક નવી કિરણ

### પોસ્ટ પાર્ટમ ડાયલેટેડ કાર્ડિયોમાયોપેથીથી પીડિત ૩૪ વર્ષની એક સ્ત્રીનું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદયનું પ્રત્યારોપણ) કરવામાં આવ્યું હતું

દાતા સુરતનો ૨૪ વર્ષનો એક પુરૂષ દર્દી હતો, જેને રોડ ટ્રાફિક એક્સિડેંટને કારણે મગજની ગંભીર ઈજાઓ થઈ હતી અને



ત્યારબાદ તેને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યો હતો. સુરતમાં આ ઓર્ગન ડોનેશનની સુવિધા ડોનેટ લાઈફ સંસ્થાના નિલેશ માંડલેવાલા દ્વારા કરી આપવામાં આવી હતી.

અમદાવાદ અને સુરત કોવિડ-૧૯ માટેના મુખ્ય કેન્દ્રબિંદુઓ હોવાના કારણે આ સંભવ કરવું તે ખૂબ જ મુશ્કેલ રહ્યું હતું. પરંતુ આવા મુશ્કેલ સમયમાં પણ બે શહેરો વચ્ચેના પુલ એક દર્દીને જીવન અને હૃદય આપવા માટે પાર કરવામાં આવ્યા હતા. હૃદયનું સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે પ્રોટોકોલોનું પાલન કરવાનું એ એક અદ્ભૂત પરાક્રમ હતું.

"નવી નોટ્ટો (નોટ્ટો) માર્ગદર્શિકા મુજબ તમામ પ્રોટોકોલોનું સખત રીતે પાલન કરવામાં આવ્યું હતું. સિમ્સ હોસ્પિટલની ટ્રાન્સપ્લાન્ટ ટીમના ડિરેક્ટર, હાર્ડ ટ્રાન્સપ્લાન્ટ સર્જન, ડૉ. ધીરેન શાહ કહે છે કે, 'ડોક્ટરો, કર્મચારીઓ, અંગ દાતા અને અંગ પ્રાપ્તકર્તાનું કોવિડ ૧૯ માટેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને સર્જરી દરમિયાન લેવલ ૩ પી.પી.ઈ. ટેપ દ્વારા પહેરવામાં આવ્યા હતા.

સિમ્સ હોસ્પિટલના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક કહે છે કે, સુરત અને અમદાવાદમાં વરસાદ આવવાને કારણે હવામાને પણ અવરોધ ઉભો કર્યો હતો અને હવામાનની સ્થિતિ પ્રમાણે હૃદયને અમદાવાદ લાવવાની યોજનાઓ બદલવી પડી હતી.

સવારે ૧૦.૫૦ વાગ્યે અમદાવાદમાં ઉતર્યા પછી ૩ કલાક ૩૫ મિનિટમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પૂર્ણ કરવામાં આવ્યું હતું.

હાલમાં, હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી સારી રીતે થઈ છે અને દર્દી હિમોડાઈનેમિકલી સ્થિર છે, એટલે તેનો રક્ત પ્રવાહ સ્થિર છે.

**સિમ્સ કાર્ડિયાક સર્જનની ટીમ :**

ડૉ. ધિરેન શાહ, ડૉ. ધવલ નાયક, ડૉ. અમીત ચંદન, ડૉ. કિશોર ગુપ્તા.

**સિમ્સ કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ્સ :**

ડૉ. નિરેન ભાવસાર, ડૉ. હિરેન ધોળકિયા, ડૉ. ચિંતન શેઠ



સિમ્સ હોસ્પિટલ એ ગુજરાતમાં એક અગ્રણી સ્વાસ્થ્ય સંભાળ સુવિધા પુરી પાડનાર સંસ્થા રહી ચુકી છે અને તેને ઘણી બધી ખ્યાતિ પ્રાપ્ત થયેલ છે, જેમાં ગુજરાતમાં એકમાત્ર 'હાર્ડ ટ્રાન્સપ્લાન્ટ' પ્રોગ્રામ હોવાની પદવી શામેલ છે. આવા મુશ્કેલી યુક્ત સમયમાં કોવિડ-૧૯ના દર્દીઓ માટે પણ તે સૌથી વિશ્વસનીય ખાનગી હોસ્પિટલ તરીકે ઉભરી આવી છે. જેસીઆઈ-જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ (યુએસએ), એનએબીએચ (નેશનલ એક્રિડેશન બોર્ડ ફોર હોસ્પિટલ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર) અને એનએબીએલ (નેશનલ એક્રિડેશન બોર્ડ ઓફ ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરીશ) દ્વારા માન્યતા પ્રાત સિમ્સ હોસ્પિટલ આંતરરાષ્ટ્રીય ગુણવત્તાની આરોગ્ય સંભાળ અને દર્દીની સલામતી પૂરી પાડવા માટે પ્રતિષ્ઠિત છે.

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૨૦-૨૧**

**અભ્યાસ પ્રવાસ માટે વાહનો પુરુ પાડવા બાબત**

માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર હસ્તકની મુખ્ય ઈજનેર અને નિયામકશ્રીની કચેરી, સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, ચ-૫ ફુવારા (પ્રેરણા સર્કલ) પાસે, સેકટર-૧૭, ગાંધીનગરની કચેરીમાં અભ્યાસ પ્રવાસ અને કચેરી કામ માટે આ ભાવો (૧) મીની બસ ૨ ૮ ૨ ૨૯ સીટ (૨) લકઝરી બસ ૨ ૮ ૨ ૪૦ થી ૪૫ સીટ (૩) લકઝરી બસ ૩ ૮ ૨ ૫૦ થી ૫૫ સીટ ૨૦૧૫ પછીનું મોડલ (૪) ઈનોવા (૫) તવેરા (૬) કાર એ.સી. નોન એ.સી.ના ૧ થી ૬ આઈટમના અલગ-અલગ ભાવો તમામ ટેક્ષ સાથેના આપવાના રહેશે. વાહનો ભાડે મેળવવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત ટ્રાવેલ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ઈચ્છા ધરાવતી ટ્રાવેલ એજન્સીઓએ અત્રેની કચેરીના નોટીસબોર્ડ ઉપર દર્શાવેલ વિગતવાર નિવિદા તથા શરતો ધ્યાને લેવા વિનંતી છે. ભાવપત્રક અત્રેની કચેરીમાં તા. ૨૧/૭/૨૦૨૦ના રોજ બપોરે ૪.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે.

કાર્યપાલક ઈજનેર (સી)
સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

માહિતી/૪૩૪/૨૦-૨૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

'ગુજરાત સરકારનું સાહસ'

**જાહેર નિવિદા નંબર-૦૫ સને. ૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપોસ રોડ, હિંમતનગર. મોબાઈલ નં. ૯૯૭૮૪૪૩૯૨૯ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૪/૭/૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી છે.

| અ. નં. | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. |
|---|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા જુથ પાણી પુરવઠા યોજનાની કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ૨૪ માસ માટેના મરામત અને નિભાવણીના કામગીરી | ૧૭.૩૭ | 'ઈ-૧ કલાસ અને ઉપરના | ૪૧૬૧૮૧ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૧૨૨/૨૦૨૦